Extra No. 365

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] FRIDAY, OCTOBER 10, 2025 / ASVINA 18, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

હંગામી જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ ૩૩ (૧) બી મુજબ.

ક્રમાંક:ટ્રાફિક/ડાયવર્ઝન/ફલાય ઓવર બ્રિજ બાંધકામ/જાહેરનામું/૨૮૮૮/૨૦૨૫.- સુરત શહેર ખાતે સુરત રેલવે સ્ટેશન મોર્ડનાઈજેશનના ભાગ રૂપે સુરત ઈન્ટેગ્રેટેડ ટ્રાન્સપોર્ટેશન ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ (SITCO) દ્વારા સુરત રેલ્વે સ્ટેશન આજુ-બાજુ બનાવવામાં આવનાર નવા ફલાય ઓવર-બ્રિજને વરાછા ફલાય ઓવર-બ્રિજ સાથે જોડવા માટે કન્સ્ટ્રકશનની કામગીરી સેન્ટ્રલ વેરહાઉસ ત્રણ રસ્તાથી વૈશાલી સર્કલ સુધીના વિસ્તારમાં કરવા માટે સદર મેઈનરોડ ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા પર અત્રેની કચેરીનાં ક્રમાંક:ટ્રાફિક/ડાયવર્ઝન/ફલાય ઓવર બ્રિજ બાંધકામ/જાહેરનામું/૪૩૭/૨૦૨૫, તા.૧૬/૦૨/૨૦૨૫ થી પ્રતિબંધ મુકતું જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતુ. જે જાહેરનામાની મુદત પૂર્ણ થતા અરજદારશ્રી તુષાર મિશ્રા, CEO, SITCO, સુરત શહેર નાઓએ સદર જાહેરનામાની મુદત વધારવા સારૂ અરજી કરેલ છે. જે ધ્યાને લઈ જાહેરનામા પ્રસિદ્ધ થયે તારીખથી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધી ઉપરોક્ત કામગીરી અર્થે સદર રૂટ ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા પર પ્રતિબંધ મુકતુ જાહેરનામું પ્રસિદ્ધ કરવુ જનહિતાર્થે ખુબ જ જરૂરી જણાય છે.

હુકમ

વાસ્તે હું, અનુપમસિંહ ગહલૌત (IPS), પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧) બી અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, સેન્ટ્રલ વેરહાઉસ ત્રણ રસ્તાથી વૈશાલી સર્કલ સુધીનો (સુરત શહેર તરફ જતો રસ્તો) એક તરફનો રસ્તો બ્રીજની કામગીરી કરવા માટે જાહેરનામા પ્રસિદ્ધ થયે તારીખ થી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધી સદર રૂટ તમામ પ્રકારના વાહનો માટે બંધ કરવામાં આવે છે. જેના માટેના વૈકલ્પિક રૂટ નીચે મુજબ છે.

વૈકલ્પિક રૂટ

વૈકલ્પિક રૂટ:-(A) હેવી ટ્રકો તથા ખાનગી લકઝરી બસો સિવાયના વાહનો હિરાબાગ જંકશન તરફથી સુરત રેલ્વે સ્ટેશન તરફ જતા તમામ પ્રકારના વાહનો સેન્ટ્રલ વેરહાઉસથી ડાબી બાજુ વળી આગળ સીધા જઈ વસંતભીખાની વાડીથી જમણી બાજુવળી આશરે ૨૦ મીટર આગળ જઈ ડાબીબાજુ વળી આગળ સીધા જઈ નિર્મલ છાયા કંમ્પાઉન્ડથી જમણી બાજુવળી ત્રિકમનગર સોસાયટી તથા સિધ્ધાર્થ નગર સોસાયટી વચ્ચેથી પસાર થતા TP રોડ ઉપર આગળ જઇ ઉગમનગર ત્રણ રસ્તા (શ્યામજીભાઇ કાળીદાસની વાડી) પાસે આવેલ ત્રણ રસ્તાથી જમણી બાજુ વળી આગળ સીધા જઇ જે.બી.ડાયમંડ સર્કલથી ડાબી બાજુવળી આગળ સીધા જઇ લંમ્બે હનુમાન પોલીસ ચોકીથી જમણી બાજુવળી આગળ સીધા જઈ પોદ્દાર આર્કેટથી ડાબી બાજુવળી આયુર્વેદિક ગરનાળાથી સુરત સ્ટેશન તરફ જઇ શકશે.

વૈકલ્પિક રૂટ:-(B) હેવી ટ્રકો તથા ખાનગી લકઝરી બસો સિવાયના વાહનો હિરાબાગ જંકશન તરફથી આવી ઉમિયામાતા સર્કલ, માનગઢ ચોક અને તેની આજુ-બાજુનાં વિસ્તારમાં જવા વાળા મીનીબજાર ત્રણ રસ્તાથી જમણી બાજુવળી માનગઢ ચોક ચાર રસ્તાથી જરૂરીયાત મુજબનાં પોતાનાં વિસ્તારમાં જઈ શકશે.

વૈકલ્પિક રૂટ:-(C) હેવી ટ્રકો તથા ખાનગી લકઝરી બસો હિરાબાગ સર્કલથી આગળ મીનીબજાર અને સેન્ટ્રલ વેરહાઉસ ત્રણ રસ્તા, વૈશાલી સર્કલ તરફ (24 X 7) જઈ શકશે નહી. તા.૦૯/૦૫/૨૦૧૯ ના પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરના કચેરી ક્રમાંક:ઉ/ગપક/ટ્રાફિક/જાહેરનામું/લકઝરી બસ પ્રતિબંધ/૭૩૨/૨૦૧૯ તથા ક્રમાંક:ટફક/માલ વાહક ભારે વાહન પ્રતિબંધ/૭૩૩/૨૦૧૯, મુજબ આપવામાં આવેલ છુટછાટના સમયમાં પણ આ રોડ ઉપર હેવી ટ્રકો અને ખાનગી લકઝરી બસો જઈ શકશે નહીં.

વૈકલ્પિક રૂટ:-(D) તા.૦૯/૦૫/૨૦૧૯ ના પોલીસ કમિશનરશ્રી સુરત શહેરના જાહેરનામાં ક્રમાંક:ઉ/ગપક/ટ્રાફિક/જાહેરનામું/લકઝરી બસ પ્રતિબંધ/૭૩૨/૨૦૧૯ તથા ક્રમાંક:ટફક/માલ વાહક ભારે વાહન પ્રતિબંધ/૭૩૩/૨૦૧૯, મુજબ આપવામાં આવેલ છુટછાટ મુજબના સમયગાળા દરમ્યાન સુરત શહેરમાં આવતી હેવી ટ્રકો અને લકઝરી બસો હિરાબાગ સર્કલથી જમણી બાજુ વળી વલ્લભાચાર્ય રોડ ઉપર થઈ તેની આજુ-બાજુના વિસ્તારોમાં અને ગૌશાળા સર્કલ થઈ કતારગામ તરફ જઈ શકશે. તથા કાપોદ્રા વિસ્તાર, ગાયત્રી સર્કલ, સીતાનગર સર્કલ, બોમ્બે માર્કેટ તરફ જતી હેવી ટ્રકો અને લકઝરી બસો કાપોદ્રા ચાર રસ્તાથી ડાબી બાજુ વળી (અથવા હિરાબાગથી ડાબી બાજુ વળી) શ્રીરામ મોબાઈલ, રચના સર્કલ, ગાયત્રી સર્કલ થઈ રેશમા સર્કલ, સીતાનગર કાપોદ્રા વિસ્તાર અને જુની બોમ્બે માર્કેટ થઈ સુરત શહેરમાં જઈ શકશે.

અપવાદ

ફરજ પરનાં પોલીસ વિભાગના વાહનો, આવશ્યક સેવાના વાહનો, ફાયર, એમ્બ્યુલન્સ, SMCના વાહનો અને સરકારી તમામ વાહનોને અવર-જવર કરવા માટે પ્રતિબંધનો બાધ લાગશે નહી.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો અમલ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી તા.૩૧/૧૨/૨૦૨૫ ના કલાક-૨૪/૦૦ અમલમાં રહેશે

આજ રોજ તા.૦૬/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

અનુપમસિંહ ગહલૌત
પોલીસ કમિશનર
સુરત-શહેર.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 18:06:11 IST